રાજ્યના 14,853 ઉદ્યોગોને રૂ.1,100 કરોડની સહાય, ઈન્સેન્ટિવ માટે બેંક લોનની ફરજિયાત શરત નાબૂદ

હર્ષ સંઘવીના હસ્તે સિંગલ ક્લિકથી ખાતામાં સહાય જમા

16 દસ્તાવેજી પ્રક્રિયા ઘટાડી, GIDCના 407 પ્લોટની ઓનલાઇન ડ્રોથી ફાળવણી

ગાંધીનગરઃ ગુજરાતમાં ઉદ્યોગો શરૂ કરવા અને તેનો વિસ્તાર કરવા માટે હવે માત્ર બેંક લોન પર નિર્ભર રહેવું નહીં પડે. પોતાની મૂડીથી ઉદ્યોગ સ્થાપનારા સાહસિકોને પણ સરકારી પ્રોત્સાહક સહાયનો લાભ મળી શકે તે માટે રાજ્ય સરકારે બેંક લોનની ફરજિયાત શરત દૂર કરી છે. ઉદ્યોગકારો માટેની આ સરળ વ્યવસ્થા વચ્ચે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક જ ક્લિકથી રાજ્યના 14,853 ઉદ્યોગસાહસિકોના બેંક ખાતામાં રૂ.1,100.19 કરોડની પ્રોત્સાહક સહાય જમા કરાવી છે. સાથે જ, સરકારી કચેરીઓમાં દસ્તાવેજો અને પ્રક્રિયાઓનો બોજ ઘટાડવા 16 જેટલી કાગળ આધારિત પ્રક્રિયાઓ ઓછી કરાઈ હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં યોજાયેલા 'વન-ક્લિક ઈન્સેન્ટિવ ડિસ્ટ્રિબ્યુશન' કાર્યક્રમમાં જાહેર કરાયેલી આ સહાયનો સૌથી મોટો લાભ નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME)ને મળ્યો છે. કુલ 14,853 લાભાર્થીઓમાંથી 11,052 એમએસએમઈ એકમોને રૂ. 444.03 કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત કાપડ ઉદ્યોગની યોજનાઓ હેઠળ 3,591 લાભાર્થીઓને રૂ.290.42 કરોડ, મોટા ઉદ્યોગોના 196 લાભાર્થીઓને રૂ.360.89 કરોડ અને અન્ય યોજનાઓ હેઠળ 14 લાભાર્થીઓને રૂ.4.85 કરોડ ચૂકવાયા છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાતની વિકાસયાત્રામાં ઉદ્યોગકારો અને વેપારીઓનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અગાઉ પ્રોત્સાહક સહાય મેળવવા માટે બેંક લોન લેવાની શરત હતી, જે હવે દૂર કરવામાં આવી છે. પરિણામે પોતાની મૂડીથી ઉદ્યોગ શરૂ કરનારા સાહસિકો પણ સહાય મેળવી શકશે. તેમના જણાવ્યા અનુસાર, છેલ્લા છ મહિનામાં ફાઈલોનો નિકાલ કરવાની ઝડપ ત્રણ ગણી વધી છે.

ઔદ્યોગિક એકમોને જમીન ફાળવણીમાં પારદર્શિતા જળવાય તે માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા ઓનલાઇન ચિઠ્ઠી પદ્ધતિથી 85 એકર વિસ્તારમાં આવેલા 407 ઔદ્યોગિક પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. શેખપાટ, ખીરસરા-2 અને સાણંદ-2 ખાતે 3,000 ચોરસ મીટરથી ઓછા વિસ્તારના પ્લોટ માટે 4,665 અરજીઓ મળી હતી.

આ અરજીઓમાંથી ઓનલાઇન પ્રક્રિયા દ્વારા પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. નવી ઉદ્યોગ નીતિ હેઠળ મોટા ઉદ્યોગોના ક્ષેત્રમાં 346થી વધુ અરજીઓ મળી હોવાનું પણ જણાવાયું છે. તેમાં અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પરત આવવા ઈચ્છતી કંપનીઓની 27 અરજીનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર યુવા ઉદ્યોગસાહસિકો અને મહિલા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા ઉપરાંત ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં મહિલાઓ માટે રોજગારીની તકો વધારવા પર ભાર મૂકી રહી છે.

'સ્માર્ટ GIDC' પર ભાર

ઔદ્યોગિક વસાહતોમાં માત્ર રસ્તા જ નહીં, પરંતુ ગટર વ્યવસ્થા, માર્ગપ્રકાશ અને અન્ય સેવાઓનું સંકલિત આયોજન થાય તે જરૂરી હોવાનું સંઘવીએ જણાવ્યું હતું. 'સ્માર્ટ GIDC'ની વિભાવના હેઠળ સ્વચ્છતા અને શ્રમિકો માટેની પ્રાથમિક સુવિધાઓને પ્રાધાન્ય આપવાની વાત પણ તેમણે કરી હતી. નવી ટેકનોલોજી અને વૈશ્વિક ભાગીદારીની તકો શોધવા માટે રાજ્ય સરકારની ટીમ આગામી સમયમાં જાપાન અને દક્ષિણ કોરિયાની મુલાકાત લેશે.

રાજ્યમાં ગરબાની રમઝટ વચ્ચે કાળઝાળ ગરમીનો ખેલ

રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 39 ડિ.સે. ગરમી, ભૂજમાં 39.3 ડિ.સે., રાત્રે વધતા બફારાથી ખેલૈયાઓ અકળાયા

અમદાવાદઃ નવરાત્રિના રંગે રંગાયેલા ગુજરાતમાં ગરમીએ પણ આકરો મિજાજ બતાવ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 37થી 39 ડિ.સે.ની આસપાસ પહોંચતાં લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી રહ્યા છે.

ગરબાની રમઝટ વચ્ચે દિવસ દરમિયાન પડતી કાળઝાળ ગરમી ખેલૈયાઓ માટે પણ પડકારરૂપ બની રહી છે. હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં સૌથી વધુ 39.8 ડિ.સે. મહત્તમ તાપમાન ડીસામાં નોંધાયું હતું. ભૂજમાં 39.3 ડિ.સે., રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 39 ડિ.સે. તથા અમદાવાદમાં 38.5 ડિ.સે. તાપમાન નોંધાતાં ગરમીનો પારો ઊંચો રહ્યો હતો.

રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ગરમીનું જોર જોવા મળ્યું હતું. કેશોદમાં 38 ડિ.સે., સુરતમાં 38.1 ડિ.સે., અમરેલીમાં 37.7 ડિ.સે., કંડલા હવાઈમથક અને વડોદરામાં 37.6 ડિ.સે., કંડલામાં અને મહુવામાં 37 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. વલ્લભ વિદ્યાનગરમાં 36.9 ડિ.સે., ભાવનગરમાં 36.7 ડિ.સે., દમણમાં 36.6 ડિ.સે., જ્યારે નલિયા અને ગાંધીનગરમાં 36 ડિ.સે. તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના અહેવાલ મુજબ, ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં હવામાન સૂકું રહ્યું હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે બાકીના વિસ્તારોમાં ખાસ ફેરફાર નોંધાયો નહોતો.

અમદાવાદમાં આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની અને આગામી આગાહીના સમયગાળામાં મહત્તમ તાપમાન 39 ડિ.સે. તથા લઘુત્તમ તાપમાન 25 ડિ.સે.ની આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કેશોદમાં રાજ્યનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 21.9 ડિ.સે. નોંધાયું હતું.

અમદાવાદમાં મેટ્રો મુસાફરોને મફત પાર્કિંગના બદલે હવે ચાર્જ ચૂકવવો પડશે

10 મેટ્રો સ્ટેશનો પાસે 'પે એન્ડ પાર્ક'ની તૈયારી

અમદાવાદઃ અમદાવાદમાં મેટ્રો સ્ટેશનો પાસે પાર્કિંગની પૂરતી સુવિધા ન હોવાની સમસ્યા વચ્ચે હવે મેટ્રો સ્ટેશનની આસપાસ વાહન પાર્ક કરવા માટે ચાર્જ ચૂકવવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. મફત પાર્કિંગની સુવિધા આપવાના દાવા વચ્ચે અમદાવાદ મનપા દ્વારા શહેરના નવરંગપુરા, સાબરમતી, વસ્ત્રાલ સહિતનાં 10 મેટ્રો સ્ટેશનો પાસે આવેલા પ્લોટમાં 'પે એન્ડ પાર્ક' શરૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. આ નિર્ણયથી મેટ્રોનો નિયમિત ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગના મુસાફરોને મેટ્રોની ટિકિટ ઉપરાંત હવે તેમના વાહનના પાર્કિંગ ચાર્જ ચુકવવો પડશે, જેથી વધારાનો આર્થિક બોજ પડી શકે છે.

આ મળતી માહિતી મુજબ, શહેરના નવરંગપુરામાં ત્રણ, સાબરમતીમાં ત્રણ, વસ્ત્રાલમાં બે, એસ.પી. સ્ટેડિયમ પાસે બે અને રામોલ પાસે બે પ્લોટ પાર્કિંગ માટે ફાળવવામાં આવ્યા છે. આ સ્થળોએ કુલ 3,342 ટુ-વ્હીલર અને 200 ફોર-વ્હીલર પાર્ક કરવાની ક્ષમતા છે. મનપા દ્વારા આ પ્લોટ કોન્ટ્રાક્ટરોને માસિક ભાડે આપવાનું આયોજન છે. પાર્કિંગ વ્યવસ્થા કોન્ટ્રાક્ટરોને સોંપાયા બાદ ટુ-વ્હીલર માટે અને ફોર-વ્હીલર માટે મોટો ચાર્જ વસૂલવામાં આવે તેવી શક્યતા છે. ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને નોકરીયાત લોકો રોજના 8થી 10 કલાક સુધી વાહન પાર્ક કરતા હોવાથી તેમને નિયમિત પાર્કિંગ માટે વધારાનો ખર્ચ કરવો પડી શકે છે. મેટ્રોમાં મુસાફરીનો ખર્ચ બચાવવા જાહેર પરિવહનનો ઉપયોગ કરતા લોકો માટે પાર્કિંગ ચાર્જ વધારાનો ખર્ચ બની શકે છે. જોકે, પાર્કિંગના ચોક્કસ દર, સમયગાળા પ્રમાણેની ફી અને નવી વ્યવસ્થા ક્યારથી અમલમાં આવશે તે અંગેની સત્તાવાર વિગતો સ્પષ્ટ કરવામાં આવી નથી.

કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજિત દિપ્કે અને નેહા બોરાની આંદોલન કરવાની પદ્ધતિમાં ફરક છે

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ભારતમાં કોકરોચ જનતા પાર્ટીના ઉદય પછી બે યુવાન નેતાઓ ઉપર આખા દેશની નજર છે. તેમાંના એક કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દિપ્કે છે; તો બીજાં નેહા બોરા છે. AISA નાં રાષ્ટ્રીય પ્રમુખ નેહા બોરા દિલ્હીના જંતરમંતર પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગણી સાથે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં એક અગ્રણી વ્યક્તિત્વ છે. નેહા બોરા અગાઉ વિદ્યાર્થી આંદોલનોમાં સામેલ થવાને કારણે સમાચારમાં રહી ચૂક્યાં છે. તેમણે કોકરોચ જનતા પાર્ટી સાથે સંકળાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન સક્રિય ભૂમિકા ભજવી હતી. પોલીસ સાથેની તેમની અથડામણ અને ભાષણોના વીડિયો સોશ્યલ મીડિયા પર ફરતા થઈ રહ્યા છે. જુલાઈ ૨૦૨૬ માં નેહા AISA ના ત્રણ વિદ્યાર્થી નેતાઓમાંની એક હતી, જેમણે NEET પરીક્ષાઓ સંબંધિત મુદ્દાઓના વિરોધમાં જંતરમંતર ખાતે ૨૩ દિવસની ભૂખ હડતાળનું નેતૃત્વ કર્યું હતું. નેહા બોરાની સક્રિયતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન, તે અસંખ્ય વિપક્ષી નેતાઓને મળી હતી. આનાથી નેહા બોરા કોણ છે, તે ક્યાંથી આવે છે અને તે JNU માં શું સંશોધન કરી રહી છે તે જાણવામાં લોકોમાં રસ જાગ્યો છે.

સોમવારે દિલ્હીના રસ્તાઓ પર પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી સાથે હાથમાં હાથ નાખીને કૂચ કરનારી નેહા બોરા એકમાત્ર યુવા નેતા હતી. નેહા બોરાએ છેલ્લા ચાર મહિનામાં સખત મહેનત કરીને આ સ્થાન મેળવ્યું છે. કોંગ્રેસના વિદ્યાર્થી અને યુવા પાંખનો કોઈ પણ નેતા નેહાને કટાક્ષ કરી કહી શકે છે કે તેઓ આ સ્થાન હાંસલ કેમ ન કરી શક્યાં. ૨૦૧૫-૨૦૧૬ની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં શેહલા રશીદ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) લિબરેશનની વિદ્યાર્થી પાંખ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ યુનિયન (AISA) તરફથી ઉપ-પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યાં હતાં. હાલમાં નેહા બોરા AISA નાં પ્રમુખ છે. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીની વિદ્યાર્થી પાંખ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ ફેડરેશનના કન્હૈયા કુમારે પ્રમુખપદ જીત્યું હતું. પાછળથી કન્હૈયા કુમાર કોંગ્રેસમાં જોડાયો હતો. હવે નેહા બોરા રાહુલ ગાંધીની નજીક આવી હોવાથી તેની પણ કન્હૈયા કુમારની જેમ કોંગ્રેસમાં જોડાવાની સંભાવના વધી ગઈ છે.

જુલાઈમાં જંતરમંતર પર વિરોધ પ્રદર્શન સમાપ્ત થયા પછી રાહુલ ગાંધીએ પાછળથી ડાબેરી સંગઠનોના કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. નેહા બોરા પણ તેમાં સામેલ હતી. તે પછી પણ રાહુલે CJP નેતાઓથી અંતર જાળવી રાખ્યું હતું. રાહુલ ગાંધી નેહા પર આટલું ધ્યાન કેમ આપી રહ્યા છે? અભિજીત મજુમદાર કહે છે કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. કોંગ્રેસ શરૂઆતમાં CJP ને એક ખતરા તરીકે જોતી હતી. અણ્ણા હજારેના આંદોલનનો અનુભવ કોંગ્રેસના મનમાંથી ભૂલાયો નથી. અભિજીત દિપ્કે અને આશુતોષ રાણા AAP માં જોડાઈ રહ્યા છે.

કોંગ્રેસને શંકા છે કે CJP પાછળ RSSનો હાથ છે. આ પરિસ્થિતિમાં રાહુલને નેહા અને અન્ય સામ્યવાદી યુવાનોને સાથે રાખવામાં કોઈ ખતરો દેખાતો ન હતો. તેમને લાગ્યું કે નેહા જે રીતે પોતાનો અવાજ ઉઠાવી રહી હતી તેની સાથે તાલમેળ સાધવો જરૂરી છે. કોંગ્રેસ પોતાની અંદર નેહા બોરા કે કન્હૈયા કુમાર જેવા યુવા નેતાઓ કેમ પેદા કરી શકતી નથી? દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અને રાજકીય વિશ્લેષક અપૂર્વાનંદ કહે છે કે આઝાદી પછી છેલ્લાં ૬૦-૭૦ વર્ષથી કોંગ્રેસ પાર્ટી શાસક પક્ષ રહી છે. તેથી એવું કહેવામાં કોઈ વાંધો નથી કે કોંગ્રેસ સંઘર્ષનો પક્ષ નથી. તેને ક્યારેય કોઈ પણ વસ્તુ માટે સંઘર્ષ કરવો પડ્યો નથી. હંમેશા જોવા મળ્યું છે કે જો તમે સત્તામાં હો છો, તો તમારી બુદ્ધિ ઓછી વિકસિત થાય છે. જ્યારે તમે સંઘર્ષ કરો છો, ત્યારે તમારી બુદ્ધિ વધુ તીક્ષ્ણ બને છે. પ્રોફેસર અપૂર્વાનંદ કહે છે કે તમે સોવિયેત યુનિયનના ઇતિહાસમાંથી પણ આ જોઈ શકો છો. સોવિયેત યુનિયનમાં કોમ્યુનિસ્ટ પાર્ટી સત્તામાં આવી તે પહેલાં ૧૯૦૫ થી ૧૯૧૭ સુધી બધા લેખકો, કવિઓ અને કલાકારો કોમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો હતા અને સરકારના વિરોધી હતા.

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભજિત દિપ્કે અને નેહા બોરાની આંદોલન કરવાની પદ્ધતિમાં પણ ફરક છે. અભિજિત દિપ્કે અને તેમના સાથીદારો મોટા ભાગે પ્રેસ કોન્ફરન્સો અને સોશ્યલ મીડિયાનાં નિવેદનો દ્વારા પોતાનું આંદોલન ચલાવે છે, જ્યારે નેહા બોરા જમીન પર ઊતરીને આંદોલન ચલાવે છે. અભિજીત દિપ્કેએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગણી સાથે ૧૦ ઓક્ટોબરથી દિલ્હીમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી. દિપ્કે તેના બે મિત્રો સૌરવ દાસ અને આશુતોષ રંકા સાથે મુંબઈથી દિલ્હી આવી રહ્યો હતો, પરંતુ દિલ્હી એરપોર્ટ પર જ તેને ફ્લાઇટમાંથી જ રોકી લેવામાં આવ્યો હતો. બીજી તરફ, જ્યારે પોલીસે પ્રદર્શનકારીઓને જંતરમંતર સુધી પહોંચતાં અટકાવ્યા, ત્યારે નેહા બોરાએ તેમને ૧૦ કિલોમીટર દૂર સ્થિત દિલ્હી હાટમાં ફરીથી ભેગા થવા અપીલ કરી હતી. CJP નું ટોચનું નેતૃત્વ દરરોજ નવી જાહેરાતો કરી રહ્યું છે, પરંતુ તે નેહા બોરાની જેમ રસ્તા પર ઊતરવામાં સફળ રહ્યું નથી. વરિષ્ઠ પત્રકાર નિખિલ વાગલેએ લખ્યું છે કે CJP એ રાહુલ ગાંધીની સુપ્રીમ કોર્ટ તરફની કૂચમાં જોડાવું જોઈએ. ભ્રામક રાજકારણ રમવાનું બંધ કરો અને નેહા બોરાની જેમ લડો.

નેહા બોરા મૂળ ઉત્તરાખંડના ખાટીમાની રહેવાસી છે. તેમનો પરિવાર લશ્કરી પૃષ્ઠભૂમિમાંથી આવે છે. નેહાના પિતા ભારતીય સેનામાં સેવા આપે છે. પરિણામે, તેમનું બાળપણ દેશના વિવિધ ભાગોમાં વિતાવ્યું હતું. તેમણે પ્રારંભિક શિક્ષણ પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલમાં મેળવ્યું હતું. ત્યાર બાદ તેમણે દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાંથી સમાજશાસ્ત્રમાં ડિગ્રી મેળવી. ત્યાર બાદ તેમણે ડો. બી.આર. આંબેડકર યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી અને બાદમાં સંશોધન માટે જેએનયુમાં પ્રવેશ મેળવ્યો હતો. નેહા બોરા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU) માં પીએચડી સ્કોલર છે અને સ્કૂલ ઓફ આર્ટ્સ એન્ડ એસ્થેટિક્સમાં થિયેટર અને પર્ફોર્મન્સ સ્ટડીઝમાં સંશોધન કરી રહી છે. કોલેજના દિવસોમાં, તે "સાંગવારી'નામના થિયેટર ગ્રુપની સભ્ય હતી. શેરી નાટકો દ્વારા તેણીએ સામાજિક મુદ્દાઓ અને સામાન્ય લોકોના મુદ્દાઓની ઊંડી સમજ મેળવી હતી. નેહા બોરાએ NEET અને અન્ય પરીક્ષા પ્રણાલીઓ સામે વિરોધ પ્રદર્શન દરમિયાન જંતરમંતર ખાતે ૨૩ દિવસની ભૂખ હડતાળનું નેતૃત્વ કર્યું હતું. તેમની સાથે AISA ના અન્ય વિદ્યાર્થી નેતાઓ પણ જોડાયા હતા. વિપક્ષી સાંસદો, સામાજિક કાર્યકરો અને અન્ય જાહેર હસ્તીઓની અપીલ બાદ ૨૩મા દિવસે ભૂખ હડતાળ પાછી ખેંચી લેવામાં આવી હતી, જેમાં અન્ય માધ્યમો દ્વારા આંદોલન ચાલુ રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ નેહા બોરા વિદ્યાર્થી આંદોલનોમાં એક અગ્રણી વ્યક્તિ તરીકે ઉભરી આવી હતી. હવે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાંની માંગણી સાથે જંતરમંતર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં નેહાની ભાગીદારીએ તેમને ફરીથી ચર્ચામાં લાવ્યાં છે.

જેએનયુમાં સામ્યવાદી પક્ષોના વિદ્યાર્થી સંગઠનોના નેતાઓનું કોંગ્રેસમાં જોડાવું એ કોઈ નવી વાત નથી પરંતુ શેહલા રશીદનું વલણ આશ્ચર્યજનક હતું. શેહલા AISA થી અલગ થઈ ગઈ અને બાદમાં નરેન્દ્ર મોદીની સરકાર પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી બની હતી. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે કોંગ્રેસમાં જોડાવા બાબતમાં નેહા બોરાનું વલણ શું હશે? બીજો પ્રશ્ન એ છે કે કોંગ્રેસ નેહા બોરા પર આટલું બધું ધ્યાન કેમ આપી રહી છે? તેઓ કોકરોચ જનતા પાર્ટીના અભિજિત દિપ્કે પ્રત્યે નેહા બોરા જેટલું ધ્યાન આપી રહ્યા નથી. ત્રીજો પ્રશ્ન એ છે કે કોંગ્રેસ પાર્ટીમાંથી કોઈ નેહા બોરા કે કન્હૈયા કુમાર કેમ ઊભરી રહ્યા નથી? સીપીઆઈ (એમ) ના પોલિટબ્યુરોના સભ્ય અને નક્સલ ચળવળના પિતા ચારુ મજુમદારના પુત્ર અભિજિત મજુમદાર કહે છે કે નેહા બોરા ફક્ત તે જ કામ કરી રહી છે, જેના પર પાર્ટીમાં સંમતિ છે. નેહા બોરા પ્રિયંકા ગાંધીના ખભા પર હાથ રાખીને ચાલી રહી છે, તેનો અર્થ એ નથી કે નેહા કાલે કોંગ્રેસમાં જોડાશે. પાર્ટીને નેહા વિશે બિલકુલ ડર નથી. નેહા બોરાને સાંભળીને તમને ક્યારેય એવું લાગશે નહીં કે તે પોતાનો પ્રચાર કરી રહી છે. તે ફક્ત સામ્યવાદી ચળવળના વારસાને આગળ ધપાવી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અભિજિત દિપ્કે અને તેમના સાથીદારો પ્રેસ કોન્ફરન્સો અને સોશ્યલ મીડિયાનાં નિવેદનો દ્વારા પોતાનું આંદોલન ચલાવે છે, જ્યારે નેહા બોરા જમીન પર ઊતરીને આંદોલન ચલાવે છે

BUSINESS મિત્ર

બેઉતરફી વધઘટ વચ્ચે સેન્સેક્સ 251 પોઇન્ટ અને નિફ્ટી 99 પોઇન્ટ ઘટીને બંધ

સેન્સેક્સ ઉપલા સ્તરેથી 600 પોઇન્ટ ગગડ્યો

કર રાહતનો ઉત્સાહ ઓસરી જતાં શેરબજારમાં પ્રોફિટ બુકિંગ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 13: ભારતીય શેરબજારમાં આજે બેઉતરફી વધઘટ જોવા મળી હતી. ગઈકાલે એલટીસીજી અને એસટીટીમાં રાહત મળે તેવા અહેવાલના પગલે બજારમાં શાનદાર ઉછાળો જોવા મળ્યો હતો, પરંતુ આજે આ ઉછાળો ઓસરી ગયો હતો. એકબાજું એફઆઈઆઈની વેચવાલીનું દબાણ ઘટ્યું હતું, પરંતુ પ્રોફીટ બુકીંગ અને ક્રુડના વધી રહેલા ભાવોની અસર શેરબજારમાં ઘટાડા તરફ ખેંચી ગયું હતું. આજે સેન્સેકસ ઉપલા સ્તરેથી 600 પોઈન્ટથી વધુ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી 22600 પોઈન્ટની નીચે સરકી ગયો હતો. જે છેલ્લે 22600ની ઉપર બંધ રહી હતી. આમ, શેરબજારમાં કર રાહતનો ઉત્સાહ ઓસરી ગયો હતો.

કંપનીઓના બીજા કવાર્ટરના પરિણામોની મોસમ ચાલી રહી છે અને સપ્ટેમ્બરમાં જથ્થાબંધ ફુગાવો ઉછળીને 11.39 ટકા પર પહોંચી જતા રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત થઈ ગયું હતું અને ઉછાળે નફો બુક કરતા જોવા મળ્યા હતા. સેકટર વાઈઝ જોઈએ તો ફાર્મા, ઓટો અને રિયલ્ટી શેરો દબાણ હેઠળ આવ્યા હતા, જ્યારે એફએમસીજી, આઈટી અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વધારાથી બજારના નુકશાનને રોકવામાં મદદ મળી હતી. બીએસઈ સેન્સેકસ 251.89 પોઈન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 72781.89 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસમાં 73195 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 72578 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 99.25 પોઈન્ટ એટલે કે 0.44 ટકા ઘટીને 22650 પોઈન્ટની સપાટી તોડીને 22622.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22757 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22558 પોઈન્ટ રહી હતી. બેન્ક નિફ્ટી 165.05 પોઈન્ટ એટલે કે 0.3 ટકા ઘટીને 55316 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જેએસડબલ્યુ સ્ટીલમાં 88.75 ગણા, સીટી યુનિયન બેન્કમાં 8.06 ગણા, આઈડીબીઆઈ બેન્કમાં 8 ગણા, ગો ડીજીટમાં 6.54 ગણા અને ટાટા એલેક્સીમાં 5.71 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એલિકોન એન્જીનીયરીંગમાં 18.11 ગણા, વેદાન્તા પાવરમાં 17.93 ગણા, આઈડીબીઆઈ બેન્કમાં 12.48 ગણા, ભારત કુકીંગ કોલમાં 9.62 ગણા અને વ્હલપુર્લ ઈન્ડિયામાં 8.28 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.05 ટકા ઘટ્યો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.08 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઈ પર 2564 શેરો વધ્યા હતા, જ્યારે 1805 શેરો ઘટયા હતા, તેમજ 220 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે સેમિકન્ડકટર ઈક્વિપમેન્ટ નિર્માતા એએસએમએલ દ્વારા વેચાણનો અંદાજ વધાર્યો હતો અને મજબૂત એઆઈ સંબંધિત માગ વચ્ચે ચોથા કવાર્ટરમાં અપેક્ષા કરતા મજબૂત આવકના અંદાજનાકારણે ટેકનોલોજી શેરોમાં તેજી જોવા મળી હતી, જેના લીધે યુરોપિયન બજારો ઉછળ્યા હતા, જ્યારે એશિયન બજારોમાં મિઈશ્ર વલણ રહ્યું હતું. યુએસ ફુગાવાના ડેટાની રાહ જોવાઈ રહી છે. જેની પાછળ રોકાણકારો સાવચેત જોવાયા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.21 ટકા, કેક 0.45 ટકા અને ડેક્સ 0.35 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.05 ટકા, સ્ટ્રેઈટસ 0.13 ટકા, હેંગસેંગ 0.13 ટકા, કોસ્પી 0.44 ટકા અને શાંઘાઈ 0.89 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.59 ટકા, જકાર્તા 0.29 ટકા વધ્યા હતા.

રૂપિયો ઇન્ટ્રાડેમાં ઉછળીને 95ની નીચે, અંતે 14 પૈસા સુધર્યો

કરન્સી બજારમાં આજે સતત બીજા દિવસે ઇન્ટ્રાડેમાં રૂપિયાએ 95ની નીચે સરકી ગયો હતો, પરંતુ છેલ્લે ફરીથી 95ની ઉપર બંધ રહ્યો હતો. જોકે, આજે પણ રૂપિયામાં સુધારાની ચાલ આગળ વધી હતી. આજે ડોલરની સામે રૂપિયો 14 પૈસા સુધરીને 95.15ના સ્તરે બંધ રહ્યો હતો. જે ઇન્ટ્રાડેમાં ઉછળીને 94.76 સુધી પહોંચ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.28ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.72, પાઉન્ડ 125.19, કેનેડિયન ડોલર 66.53, ઓસ્ટ્રેલિયન ડોલર 66.60, જાપાનીઝ યેન 0.5989 અને સીંગાપોર ડોલર 73.75ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.15 રૂ.
યુરો	105.72 રૂ.
પાઉન્ડ	125.19 રૂ.
યેન	0.6992 રૂ.

સેન્સેક્સ	-251.89	72781.89
નિફ્ટી	-99.25	26622.70
બેન્ક નિફ્ટી	-165.05	55316.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
નેસલે ઇન્ડિયા	3.69	1383.20
ટાટા કન્ઝ્યુમર	2.91	987.90
ઇન્ફોસીસ	2.44	1088.00
કોલ ઇન્ડિયા	2.08	417.00
ટેક મહિન્દ્રા	2.05	1575.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	3.85	950.00
HDFC લાઇફ	2.85	544.05
બજાજ ફાઇનાન્સ	2.62	957.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.47	2793.70
એસબીઆઇ લાઇફ	2.20	1650.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.51	1088.90
ટેક મહિન્દ્રા	2.20	1576.00
ટીસીએસ	1.54	2302.00
એચયુએલ	1.15	1897.00
એનટીપીસી	0.87	314.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	2.55	957.60
મહિન્દ્રા-મહિન્દ્રા	2.24	2799.00
બજાજ ફિનસર્વ	1.99	1720.75
ઇટર્નલ	1.68	315.60
ICICI બેન્ક	1.54	1339.20

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા

૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫
૬૮/૩૬	૧૭૦
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧
૮૦/૭૨ રોટો.	૧૬૫
૮૦/૩૬ રોટો.	૧૬૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮
૭૫/૩૬ ''	૧૫૪
૫૦/૩૬ ''	૧૬૦
૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૬૫.૫
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૭૨.૫
૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫
૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫
---	---
૮૦/૧૦૮ ''	૧૭૦
-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦
સીંગતેલ (૫ લી)	૯૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦
સરસીયું તેલ	૨૯૮૦
કોપરેલ	૪૫૦૦
વનસ્પતિ ઘી	૨૫૯૦
સનફ્લાવર	૨૫૮૦
તલતેલ	૪૫૦૦
દિવેલ	૨૫૦૦
મકાઇ તેલ	૨૬૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

ક્રૂડ તેલ $107ને પાર: વૈશ્વિક એનર્જી કટોકટી ઘેરી

કોલસાના ભાવ પણ 3 વર્ષની સર્વોચ્ચ સપાટીએ

સાઉદી અરામકો પર ડ્રોન હુમલાની આશંકા વચ્ચે તેલ-ગેસ મોંઘા થતાં વૈશ્વિક સ્તરે કોલસાની માંગ રેકોર્ડ સ્તરે પહોંચવાની વકી

મુંબઈ, તા. 14: મધ્યપૂર્વના સંઘર્ષમાં વધુ વધારો થવાની શક્યતા બજારો આંકતા હોવાથી ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ આશરે $107 પહોચ્યા હતા. વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે કોઈ ઉકેલ ન આવતાં, પુરવઠામાં વિક્ષેપ અંગેની ચિંતાઓ ભાવને ઉપરી સ્તર પર જાળવી રહ્યા છે.

14 ઓક્ટોબર, 2026ના રોજ ક્રૂડ તેલના ભાવમાં વધારો થયો, કારણ કે મધ્ય પૂર્વમાં નવેસરથી ભૂ-રાજકીય તણાવને કારણે ઉર્જા પુરવઠા સુરક્ષા અંગે ચિંતાઓ વધી હતી. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ આશરે $107 પ્રતિ બેરલ સુધી વધી ગયા, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ (WTI) પ્રતિ બેરલ $95 ની નજીક હતું. આ વધારા માટેનું મુખ્ય કારણ હુતી બળવાખોરો સાથે વધતો સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટ સહિત મહત્વપૂર્ણ ઉર્જા પરિવહન માર્ગો નજીક તેમની પ્રવૃત્તિઓ છે. રોકાણકારો તેની નજર રાખી રહ્યા છે, કારણ કે આ ક્ષેત્રમાં કોઈપણ નોંધપાત્ર વિક્ષેપ વૈશ્વિક ઉર્જા પુરવઠાના પ્રવાહને મર્યાદિત કરી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ એનર્જી માર્કેટ માટે ચિંતાનું મુખ્ય ક્ષેત્ર છે. કોમોડિટી એનાલિટિક્સ ફર્મ કેપ્લરના જણાવ્યા અનુસાર, જળમાર્ગમાંથી ક્રૂડ ઓઈલના પ્રવાહમાં તીવ્ર ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં દૈનિક પસાર થવાનો સરેરાશ 16-17 મિલિયન બેરલ હતો, પરંતુ ઓક્ટોબર માટે સરેરાશ 10 મિલિયન બેરલ પ્રતિ દિવસથી નીચે આવી ગયો છે.

સાઉદી અરેબિયામાં ચાલી રહેલી ગતિવિધિ પર પણ નજીકથી નજર રાખવામાં આવી રહી છે, જેમાં મિસાઈલ અને ડ્રોન દ્વારા અવરોધ અને ઉર્જા માળખા અને અન્ય સ્થળો પર હુમલાના અહેવાલો છે. સાઉદી અરામકોના મુખ્યાલય પર ડ્રોન હુમલાના અહેવાલો પણ બહાર આવ્યા છે, જોકે કંપની તરફથી સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી હતી. સાઉદી અરેબિયાનું તેલ ઉત્પાદન દરરોજ લગભગ 2 મિલિયન બેરલ વધીને આશરે 8.73 મિલિયન બેરલ પ્રતિ દિવસ થયું છે. જોકે, ઉત્પાદન યુદ્ધ પહેલાના સ્તરથી નીચે છે, જે પ્રાદેશિક ઉર્જા પુરવઠા પર સંઘર્ષની સતત અસરને દર્શાવે છે.

ડેટા સેન્ટરો માટે બનશે રાષ્ટ્રીય નીતિ

એમેઝોન અને ગુગલના પ્રોજેક્ટ્સ સામે વિરોધ વધતાં કેન્દ્ર સરકાર એક્શનમાં

આમ જનતા પર વીજ બિલનો બોજ વધતો અટકાવવા કવાયત

મુંબઈ, તા. 14: કેન્દ્ર ગ્રાહકોને ઉંચા વીજ બિલથી બચાવવા માટે ભારત ડેટા સેન્ટર નીતિ રજૂ કરવા જઈ રહી છે. હાલમાં ડેટા સેન્ટરના પ્રોજેક્ટ્સને હાલના પર્યાવરણીય અને મકાન નિયમો હેઠળ મંજૂરી આપવામાં આવે છે, જ્યારે કેટલાક રાજ્યો પોતાના પ્રોત્સાહનો આપે છે. ભારતમાં હાલમાં ડેટા સેન્ટરો માટે કોઈ સમર્પિત માળખું નથી.

ભારત ડેટા સેન્ટરો માટે એક સમર્પિત નીતિ તૈયાર કરી રહ્યું હોવાનું જુનિયર આઈટી પ્રધાન જિતિન પ્રસાદાએ બુધવારે જણાવ્યું હતું, કારણ કે સરકાર આ ક્ષેત્રની વધતી જતી વીજળી માંગને ગ્રાહકો માટે વીજળીના ખર્ચમાં વધારો ન થાય તે માટે પ્રયાસ કરી રહી છે. "ભારત હાઈપરસ્કેલ ડેટા સેન્ટરો માટે ખૂબ જ સારી જગ્યા છે, કેટલાક દેશોમાં, ડેટા સેન્ટરો ગ્રાહકો પાસેથી વીજળી છીનવી રહ્યા છે, જે પછી વીજળી માટે વધુ ચૂકવણી કરે છે. "અમે તેમાં પડવા માંગતા નથી," તેમ પણ તેમણે જણાવ્યું. નીતિમાં શું આવરી લેવામાં આવશે અથવા તે ક્યારે બહાર પાડવામાં આવશે તેને અંગે હજી માહિતી નથી. આ જાહેરાત એમેઝોન અને ગુગલ દ્વારા આયોજિત મોટા પ્રોજેક્ટ્સના સ્થાનિક વિરોધ વચ્ચે કરવામાં આવી છે. મુંબઈની બહાર એમેઝોનની સાઈટની નજીકના રહેવાસીઓએ વીજળી અને પાણી પુરવઠા પરના ભારણ તેમજ અવાજ અંગે વિરોધ કર્યો છે. વિશાખાપટ્ટનમમાં, પર્યાવરણવાદીઓ કહે છે કે ગુગલનો 15 બિલિયન ડોલરનો પ્રોજેક્ટ વન્યજીવનને જોખમમાં મૂકે છે અને મંદિરની જમીનનો અયોગ્ય ઉપયોગ કરે છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૯૪૯૦
તેજાબી સોનું	૧૪૯૪૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૦૧૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૬૫૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૯૪૯૦૦
ચાંદી (૯૯૯)	૨૧૫૭૦૦
ચાંદી સિક્કા	૨૧૭૨૦૦